ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૩ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાં રંગનું પર્વ ઉમંગથી ઉજવાયું
















ગાંધીનગર, તા.૨૨

ધૂળેટી એટલે રંગોનો તહેવાર શહેરમાં યુવા વર્ગથી લઈ દરેક દ્વારા આ તહેવાર ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો. જેમાં શહેરના વિવિધ સ્થળોએ ધૂળેટીની ઉજવણી રંગે ચંગે કરવામાં આવી હતી.

● **જે.બી. પ્રાથમિક શાળા**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં આચાર્ય નીવાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓના શરીરને નુકશાન કરતા કેમિકલવાળા રંગોથી દુર રહી સાદાઈથી ધૂળેટીની ઉજવણી કરવાની શીખ આપવામાં આવી હતી. આ ઉપરાંત ધો-૧ અને ૨ના વિદ્યાર્થીઓને ધાણીની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● **સેકટર-૧૩-બી**

ગાંધીનગરના સે-૧૩-બી ખાતે હોલિકા દહનના ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત વસાહતીઓને લોકસભા ચૂંટણીમાં અચુક મતદાનનો સે-૧૩ના રહેવાસી વિનોદભાઈ ઉદેચા તથા આદિવાડા પ્રાથમિક શાળાના શિક્ષક બાબુજી વાઘેલા દ્વારા સંયુકત રીતે સંકલ્પ કરાવવામાં આવ્યો હતો.

● **શોધન ફાઉન્ડેશન દ્વારા સે-૩ શોપીંગ સેન્ટર ખાતે ઉજવણી**

સમાજ કલ્યાણ માટે નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરતી સંસ્થા શોધન ફાઉન્ડેશન દ્વારા હોળી ધૂળેટી પર્વ નિમિત્તે સમાજના જરૂરિયાતમંદ બાળકો માટે સે-૩ શોપીંગ સેન્ટર ખાતે રંગોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા બાળકોને ધાણી, ખજૂર, ચોકલેટ તેમજ ગુલાલ ભેટ અપાયા હતા. કાર્યક્રમમાં ગાંધીનગરની વિવિધ સંસ્થા વૈદિક પરિવાર, રોટરી કલબ ઓફ કેપિટલ, જલિયાણ સેવા ગ્રુપ, જયભીમ વિવિધલક્ષી ટ્રસ્ટ અને દરેક સંસ્થાના કાર્યકરો જોડાયા હતા.

● **મુકિતધામ સે-૩૦**

સે-૩૦ સ્થિત મુકિતધામ ખાતે સ્ટાફ અને બાળકો તથા લાઈબ્રેરીના વિદ્યાર્થીઓ દ્વારા કુદરતી રંગો અને કેસુડાના પાણીથી ધુળેટી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. સર્વે એ નવું વર્ષ ગાંધીનગરવાસીઓ માટે સફળ અને સારુ નિવડે તે અર્થે શિવપૂજન કરી પશુ-પક્ષીઓ સાથે દિવસ પસાર કર્યો હતો.

● **સેકટર-૨-ડી**

સેકટર-૨-ડીના રહેવાસીઓ દ્વારા ધૂળેટીની ઉજવણી ઠંડાઈના પ્રસાદ તથા ડીજેના તાલે ઝુમી કરવામાં આવી હતી.

● **બ્લ્યુ બબલ્સ એકેડેમી**

બ્લ્યુ બબલ્સ એકેડેમી દ્વારા સરગાસણ સ્થિત શાંતમ પાર્ટી પ્લોટ ખાતે ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના પૂર્વ મેયર તથા રહેવાસીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા સેમિનાર યોજાયો





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને અમદાવાદ જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના સંયુકત ઉપક્રમે તા. ૧૬ અને ૧૭મી માર્ચના રોજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ગાંધીનગર ખાતે સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિમાં સક્રિય એવા સારસ્વત મિત્રોનો એક સેમિનાર યોજાયો હતો. જેમાં બંને જિલ્લાના સ્કાઉટ ગાઈડરે મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રોગ્રામ 'ડવ' તેમજ 'વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ ગર્લ ગાઈડ એન્ડ ગર્લ સ્કાઉટ'ના સહયોથી સમગ્ર વિશ્વમાં છેલ્લા ૧૦ વર્ષથી ચાલી રહ્યો છે. ૨૦૧૪થી ભારત સ્કાઉટસ એન્ડ ગાઈડસ દ્વારા સમગ્ર ભારતમાં આ પ્રોગ્રામ ચલાવવામાં આવી રહ્યો છે. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ લોકો પોતાના બાહ્યરૂપને નહી પરંતુ આંતરિકરૂપને સમજે તથા બાહ્યરૂપને જેવું છે તેવું સ્વીકારે તે માટેનો છે. ૧૦માંથી ૬ બાળકો બાહ્યરૂપને કારણે પોતાનું મનગમતું કામ કરવાનું બંધ કરી દે છે. ૧૦માંથી ૯ છોકરીઓ પોતાના બાહ્યરૂપને બદલવા માંગે છે આ માનસિકતાથી બહાર નીકળવા અને પોતાની જાતનો સ્વીકાર કરવા માટે માહિતી આપવા તાલીમ યોજાઈ હતી. સમગ્ર ભારતમાં ૧ મિલિયન લોકોને આ સંદેશો પહોંચાડવાનો ધ્યેય ભારત સ્કાઉટ ગાઈડ સંઘનો છે.

આ કાર્યક્રમમાં દરેક સ્કાઉટર-ગાઈડર શાળાઓમાં પોતાના સ્કાઉટ-ગાઈડને શીખવશે. જેથી સ્કાઉટ ગાઈડનો શારીરિક-માનસિક આત્મવિશ્વાસનો પ્રારંભ થાય. પરિણામે ૧૦ લાખ સ્કાઉટ ગાઈડ સજ્જતા કેળવશે.

આ કાર્યક્રમમાં દરેક સ્કાઉટર ગાઈડરને તાલીમ આપનાર ગીફટ સીટીના શિક્ષકા એકતાસીંગે સુંદર માર્ગદર્શન પુરું પાડયું હતું. ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના હોદ્દેદારો સહિત ચીફ કમિશનર રતીલાલ જોષીએ તાલીમ વર્ગનું સફળ સંચાલન કર્યું હતું.

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા નવનિયુકત હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અન્વયે શપથવિધિ સમારંભ યોજાયો હતો. જેમાં સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

શપથવિધિ કાર્યક્રમ અંતર્ગત JSGIF ના જોઈન્ટ સેક્રેટરી મનિષભાઈ શાહ દ્વારા શપથવિધિ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે પિનાકીનભાઈ શાહ, અરવિંદભાઈ દોશી, હિરેનભાઈ પટવા, સુર્યકાંતભાઈ મહેતા, આર.ડી. ગાંધી, એસ.આઈ. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગત વર્ષના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિતેષભાઈ કોઠારી દ્વારા કરેલ કામગીરીને દરેક દ્વારા બિરદાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીની ગૃપના નિતિકાબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

નવનિયુકત હોદ્દેદારોમાં પ્રમુખ-મધુસુદન વોરા, ઉપપ્રમુખ-કૌશિકભાઈ શાહ અને કેતનભાઈ દેવાણી, સેક્રેટરી-ભરતભાઈ કોટડીયા, જોઈન્ટ સેક્રેટરી-જાગૃતિબેન લાખાણી તથા નિલેશભાઈ શાહ, ટ્રેઝરર-હેમાંગભાઈ ગાંધી તથા સહ ટ્રેઝરર-નિતિનભાઈ સંઘવી ચુંટાયા હતા.

કારોબારી સભ્ય તરીકે નિરજ દોશી, રીતેશભાઈ શાહ, પ્રશાંતભાઈ મહેતા, સ્નેહલભાઈ શાહ, રાજેશભાઈ શાહ, અનિલભાઈ જૈન, જાગૃતિબેન સંઘવી, મનિષાબેન શાહ તથા વિણાબેન વોરાની વરણી કરવામાં આવી હતી.

## શહેરમાં ભાગવત દશમ સ્કંધ સપ્તાહ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા તા. ૨૨ માર્ચથી ૨૮ માર્ચ સુધી રાત્રે ૮ થી ૧૦.૩૦ વાગ્યે શાસ્ત્રી કૃષ્ણવલ્લભદાસ (વૃંદાવનવાળાની વ્યાસપીઠે) ભાગવત દશમ સ્કંધ સપ્તાહ પારાયણનું આયોજન સે-૨૨ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે કરવામાં આવ્યું છે તો શહેરના રહેવાસીઓને ભાગવત કથાનું રસપાન કરવા ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### @ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૪ કલાકે સે-૨૨ સ્થિત વાસ્તુનિર્માણ સોસાયટી, પ્લોટ નં. ૬૨૯ ખાતે વરિષ્ઠ ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને યોજાશે.

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે રાજવી ફૂડ કોર્નર, પ્રતિક મોલ, કુડાસણ ખાતે ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

● સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ભાગવત દશમ સ્કંધ સપ્તાહ પારાયણ અંતર્ગત રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાકે સે-૨૨ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે.

● સામાજિક સમરસતા સમિતિ દ્વારા રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે 'જરા યાદ ઉન્હે ભી કર લો' નામક કવિતા પઠનનો નિઃશુલ્ક કાર્યક્રમ યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ હસમુખભાઈ વાલજીભાઈ, ઉ.વ. ૪૦
- સ્વ. કાપડીયા નિર્મલાબેન રમેશચંદ્ર, ઉ.વ. ૭૭
- સ્વ. જયંતિભાઈ નાગરભાઈ પટેલ, ઉ.વ. ૭૨

## નગરના યુવાનોની પેડમેન બનવાની નવતર પહેલ

**શાળાની વિદ્યાર્થીનીઓને સેનેટરી નેપકિનનું વિતરણ કર્યું : નેપકિનના નિકાલ માટે પણ મશીન સંસ્થાને ભેટ સ્વરૂપે આપ્યું**

ગાંધીનગર, તા.૨૦

અપ્પ દીપો ભવ (તું તારો દીવો થા). બુધ્ધે ખુબ સરસ કહ્યું છે કે તું તારો દીવો થા. તું તારી જાત માટે ઉભો રહે. તારા માટે લડ, તારા સિવાય તારા માટે કોઈ કાંઈ જ નહીં કરી શકે. રાહ ચિંધનારા ઘણા મળશે પરંતુ રાહ પર ચાલવાનું તો એકલા જ છે. આજે સ્ત્રીઓએ આ વાત સિધ્ધ કરવા પગલા માંડયા છે. આજની સ્ત્રી સશકત છે. પોતાના પગ પર ઉભી છે. પોતાના માટે કાંઈક કરી રહી છે. ઘરની સાથે ઓફીસનું કામ પણ સંભાળી રહી છે. સ્ત્રી જયારે ઝડપથી આગળ વધી રહી છે ત્યારે તેણે તેની સ્વચ્છતા (હાઈજીન) બાબતે પણ ધ્યાન રાખવાની જરુર છે. તેને થતી નાની-મોટી બિમારી સામે જો તે નહીં લડે તો તે આગળ વહીં વધી શકે. લગભગ ૭૧ ટકા મહિલાઓ આજે પણ ઋતુસ્રાવ અને તેનાથી સંકળાયેલી પરેશાનીઓ તથા તે માટે રાખવી પડતી તકેદારી (સ્વચ્છતા-હાઈજીન) વિશે અજાણ છે. ઋતુસ્રાવ સમયે વપરાતા કપડા હાઈજેનીક નથી હોતા. ઘણી બાળાઓ આ કારણોસર ૩ થી ૪ દિવસ શાળાએ જતી નથી. પણ જો આ જગ્યાએ સેનેટરી નેપકીન વાપરવામાં આવે તો કોઈ પણ ડર વિના તે સરળતાથી હરી ફરી શકે છે પોતાનું કામ સરળતાથી કરી શકે છે. આ કારણે જ થોડી મદદ અર્થે પોતાના બિઝનેસના થોડા ઘણા નફામાંથી શાળાઓની બાળાઓને સેનેટરી નેપકીનનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે અને આ ઉપરાંત તેનો નાશ કરવા માટે મશીન પણ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું છે. આ ઉપરાંત બાળાઓને ડ્રાયફ્રુટના પેકેટસ પણ આપવામાં આવ્યા હતા.

> કુદરત આપણને બધું આપે છે. બધા કરતા થોડું વધુ આપી પણ દે તો જરૂરીયાતમંદને આપણા તરફથી બને તેટલી મદદ કરવી તે આપણી ફરજ છે.
>
> **- સચિન ઠક્કર (બ્રાવોકિંગ ફાઉન્ડર)**
>
> ●●●●●
>
> તામિલનાડુના અરૂણચલમ જેમણે સ્ત્રીઓ માટે ઓછા મૂલ્યે બનતા સેનેટરી નેપકીનની શોધ કરી અને 'પેડમેન'નું બિરૂદ મેળવ્યું. તેમ આજે સ્ત્રીઓને મદદ કરતા દરેક પુરુષો એ તેમના માટે પેડમેન છે.

ગાંધીનગરમાં બિઝનેસ કરતા સચિન ઠક્કર જે બ્રાવોકિંગ મેન્સકેર ગ્રુમીંગ પ્રોડકટસ (www.bravoking.in)નો ઓનલાઈન વેપાર કરે છે. તેમણે પોતાના નફામાંથી અમુક ટકા ભાગમાંથી સે-૮ની આદર્શ નિવાસી કન્યા શાળાની ધો-૮ થી ૧૨ની બાળાઓને ઋતુસ્રાવ વખતે વપરાતા સેનેટરી નેપકીન્સ આપ્યા હતા આ ઉપરાંત તેનો નિકાલ કરવા માટેનું મશીન પણ ભેટ સ્વરૂપે આપ્યુ છે.



ગ્રાહક ખાલી વસ્તુ નથી ખરીદી રહ્યો ગ્રાહકો વતી વર્ષના અમુક ભાગના નફામાંથી દાન-ધર્મ પણ બ્રાવોકિંગના વેપારી દ્વારા કરવામાં આવે છે. બાળાઓને ઋતુસ્રાવ વખતે થતી પરેશાનીની જાણ થતા જ તેમના માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની ધો-૮થી ૧૨ની બાળાઓને ડૉ. શ્રધ્ધા રાજપર દ્વારા ઋતુચક્ર, તે અંગે સ્વચ્છતા અને આ દરમિયાન થતા એનિમિયા નામના રોગ અંગે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત બ્રાવોકિંગના ફાઉન્ડર સચિન ઠક્કર અને આકાશ કાપડિયા દ્વારા બાળાઓને ડ્રાય ફ્રુટસના પેકેટ પણ આપવામાં આવ્યા હતા. નોંધનીય છે કે આ શાળાની બાળાઓ સંગીત અને નૃત્ય ક્ષેત્રે પાવરધી છે આ ઉપરાંત તેમને પડતી ઋતુચક્રની તકલીફ વિશે સજાગ પણ છે.